HOUSTON Methodist LEADING MEDICINE

પરિશિષ્ટ A

સરળ ભાષામાં સાર

હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ની આર્થિક મદદ નીતિ

જેઓ વીમા આરક્ષિત ન હોય, અપૂરતો વીમો ધરાવતા હોય, જેઓ સરકારી કાર્યક્રમ માટે પાત્ર ન હોય અથવા અન્યથા ચૂકવણી કરી શકે તેમ ન હોય તેવા લોકોને તેમની વ્યક્તિગત આર્થિક સ્થિતિના આધારે કટોકટીની અને તબીબી રીતે જરૂરી સંભાળ માટે ચેરિટી સંભાળ  પૂરી પાડવા માટે હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) પ્રતિબદ્ધ છે

જેમની કૌટુંબિક આવક ફેડરલ ગરીબી સ્તર (FPL)ના 200% અથવા તેનાથી ઓછા પર હોય તેવા દર્દીઓ મફત સેવાઓ મેળવવા માટે લાયક છે; અને જેમની કૌટુંબિક આવક FPLના 200% થી ઉપર હોય પરંતુ 400% થી વધારે ન હોય તેઓ દર્દીઓ રાહત દરે સેવાઓ મેળવવા માટે લાયક છે.  ખાનગી વીમા અને મેડિકેર દ્વારા હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ને ચૂકવવામાં આવે તેવી સરેરાશ રકમ કરતા રાહત દર વધારે ન હોવો જોઈએ. જેમાં કોઈપણ દર્દીની કપાતપાત્ર, સહ-ચૂકવણી, અને સહ-વીમા સહિત ના સ્વરૂપમાં ચૂકવણીનો સમાવેશ થાય છે.

સેવાઓ આપવામાં આવે તે પહેલાં તમે કટોકટીની અને તબીબી રીતે જરૂરી સેવાઓ માટે આગોતરી ચૂકવણીઓ અથવા ચૂકવણીની ગોઠવણો તમે કરો તે જરૂરી નથી.  જોકે, જો તમને ડિસ્કાઉન્ટ સાથેની રકમ ચૂકવવાની જરૂર પડે અને તમે સેવાઓ પૂરી પાડવામાં આવે ત્યારબાદ તમે ડિસ્કાઉન્ટ સાથેની રકમ પૂરેપૂરી ચૂકવી ન શકો તો હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) આ રાહત દરની રકમ વસૂલ કરવા પ્રયત્ન કરશે. હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) તમારી પાસેથી ચૂકવણીની વિનંતી કરતા માસિક બિલિંગ સ્ટેટમેન્ટ પૂરા પાડશે.  જો તમે એક જ હપ્તામાં ડિસ્કાઉન્ટ સાથેની રકમ ચૂકવી ન શકો તો હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) વ્યાજમુક્ત લંબાવેલી ચૂકવણીના વિકલ્પો આપે છે.  ચૂકવાયા વિનાની રહેતી કોઇપણ ડિસ્કાઉન્ટ સાથેની રકમોના વધુ વસૂલીના પ્રયત્નો માટે ત્રાહિત વસૂલી એજંસીને કામ ફાળવવામાં આવશે.  ત્રાહિત પક્ષની વસૂલીની પ્રવૃત્તિમાં વ્યક્તિગત લિએન, કાનૂની કાર્યવાહી અથવા ક્રેડિટ બ્યુરો સૂચનાનો સમાવેશ થશે નહીં.

HOUSTON Methodist LEADING MEDICINE

હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ની આર્થિક મદદની નીતિ, આર્થિક મદદની અરજી અને વસૂલીની નીતિઓની મફત નકલ www.HoustonMethodist.org/Billing પર હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, હૉસ્પિટલના પ્રવેશ અને નોંધણી વિસ્તારોમાં ઉપલબ્ધ છે, (લોકલ) 832-667-5900, (ટૉલ ફ્રી) 877-493-3228 પર કેન્દ્રિય વ્યાપારી કાર્યાલય (Centralized Business Office)નો સંપર્ક કરીને મેળવી શકાય છે અને ટપાલ દ્વારા તે મંગાવી શકાય છે:

હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)

કેન્દ્રિય વ્યાપારી કાર્યાલય (Centralized Business Office)

Attn: નાણાકીય સહાયતા એકમ (Financial Assistance Unit)

701 એસ ફ્રાય રોડ

કેટી TX 77450

આ સરળ ભાષામાં સાર, આર્થિક મદદ નીતિ, આર્થિક મદદની અરજી અને વસૂલીની નીતિઓ ઉપર જણાવેલા સંપર્કો પર વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે.

હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)નું આર્થિક સહાયતા એકમ આર્થિક મદદની નીતિ વિશેના પ્રશ્નોના જવાબ અને તેના વિશે માહિતી પૂરી પાડવા તથા તમને અરજીની પ્રક્રિયામાં મદદ કરવા માટે ઉપલબ્ધ છે. તમે સોમવારથી શુક્રવાર સવારે 07:00થી સાંજે 07:00 વાગ્યા સુધીમાં અને શનિવારે સવારે 8:00થી બપોરે 12:00 વાગ્યા સુધીમાં 832-667-5900 અથવા ટૉલ-ફ્રી નંબર 877-493-3228 પર આર્થિક સહાયતા એકમના સભ્યનો સંપર્ક કરી શકો છો.

એકવાર તમે નાણાકીય સહાય માટે અરજી પૂર્ણ કરી લો પછી કૃપા કરી બધા જરૂરી સહાયક દસ્તાવેજો જોડો અને નાણાકીય સહાય એકમ, ઉપર આપેલ સરનામું જુઓ, ને મેઈલ કરી દો અથવા નાણાકીય સહાય એકમનું ધ્યાન દોરી 832-667-5995 પર ફેક્સ કરી દો.